કતારગામ અને લિંબાયતમાંથી ગાંજાના જથ્થા સાથે ચાર પકડાયા

સુરત તા.૨૫

કાઈમ બ્રાંચ અને લીંબાયત પોલીસે બે અલગ અલગ જગ્યાએ રેડ કરી હતી અને ગાંજા ના જથ્થાની સાથે કુલ ચારની ધરપકડ કરી હતી.

કાઈમ બ્રાંચની ટીમે આજે કતારગામના લક્ષ્મીકાન્ત આશ્રમ રોડ પર આવેલી સર્જન સોસાયટીની પાસેથી એક મોપેડ પર પસાર થઈ રેહલા નીલેશ પરપોત્તમ દુધાત, બેચર બચુ પટેલ અને રવિ અમૃત પરવાડીયા રહે.૧૪૭ શુભ ગ્લોબલ સોસાયટી ને ઝડપીને મોપેડના આગળના ભાગે રાખવામાં આવેલો થેલો જેમાં રૂ.૧૪ લાખની કીમતનો ૨૮ કિલો ગાંજો હતો તે કબજે કર્યો હતો અને કાલુ ઉડિયા જેણે આ ગાંજો આપ્યો હતો તેને પોલીસે વોન્ટેડ જાહેર કર્યો હતો. આ ત્રણેય જણા ગાંજો લઈને વેચવા માટે પોતાના ઘર તરફ જઈ રહ્યા હતા.ત્યારે જ પોલીસના હાથે ઝડપાઈ ગયા હતા. બીજા બનાવમાં લીંબાયત પોલીસગાયત્રી નગર વિભાગ 2 રામાપીરના મંદિરની બાજુમાં જાહેરમાં ગાંજાનું વેચાણ કરી રહેલા પ્રકાશ લક્ષમણ ભોજેંયા રહે રાધાકૃષ્ણ મંદિરની પાસે મહારાણા પ્રતાપ સોસાયટી ગોડાદરાને ઝડપી લીધો હતો

વાંસદા શાખા, ટાવર રોડ, વાંસદા, તા. વાંસદા, જી. નવસારી-396580.
ફોન : 02630-223864, Mo. 9687680708
E-mail : bansda@bankofbaroda.bank.in

બૈંક ઑફ બડૌદા Bank of Baroda

પરિશિષ્ટ - IV [જુઓ રૂલ 8(1)] કબજા નોટીસ (સ્થાવર મિલકત માટે)

આથી નીચે સહી કરનાર બેંક ઓફ બરોડાના અધિકૃત અધિકારીશ્રીએ સિક્યોરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ અધિનિયમ, 2002 (54 ઓફ 2002) તથા સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, 2002ના નિયમ 13(12) સહિત રૂલ નં 3 હેઠળ મળેલ સત્તાની રૂએ તા.13-04-2026ના રોજ કરજદાર શ્રી પટેલ કિશોરભાઈ ધનસુખભાઈ (એકાઉન્ટ નં. 08480600005748) ને ડિમાન્ડ નોટિસ પાઠવી હતી. સદર નોટીસમાં પાઠવેલી રકમ રૂા.32,19,866.00, તા.13-04-2026 ના રોજ + તા. 10-02-2026 થી તેના ઉપર લાગુ ન થયેલ વ્યાજ + કાનૂની અને અન્ય ખર્ચાઓ સદરહુ નોટિસ મળ્યાની તારીખથી 60 દિવસમાં પરત ચુકવવા જણાવાયું હતું.

કરજદાર સદરહુ રકમ પરત ચુકવવામાં નિષ્ફળ જતા કરજદાર અને જાહેર જનતાને આ સાથે નોટિસ આપવામાં આવે છે કે સહી કરનારે સદરહુ ઓર્ડિનેન્સ એક્ટની કલમ 13(4) અને સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ નિયમ 2002ના નિયમ 8 અને 9 સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ અહીં નીચે જણાવેલી મિલકતનો પ્રત્યક્ષ કબજો તા. 25-06-2026ના દિને સંભાળી લીધેલ છે.

કરજદાર અને જાહેર જનતાને આથી જાહેર ચેતવણી આપવામાં આવે છે કે, તેમણે સદરહુ મિલકત બાબતમાં કોઈ વ્યવહાર કરવો નહીં અને કોઈપણ બેંક ઓફ બરોડા, વાંસદા શાખા માટે રૂા.32,19,866.00, તા.13-04-2026 ના રોજ + તા. 10-02-2026 થી તેના ઉપર લાગુ ન થયેલ વ્યાજ + કાનૂની અને અન્ય ખર્ચાઓ વસુલાતને પાત્ર રહેશે.

અહીં કરજદારનું ધ્યાન આકૃષ્ટ કરવામાં આવે છે કે, જણાવેલ સમય મર્યાદામાં સેક્શન 13ના સબ સેક્શન (8) હેઠળ તમો તમારી સુરક્ષિત મિલકતોને બાકી લેણા ભરપાઈ કરી પાછી મેળવી શકો છો.

: સ્થાવર મિલકતનું વર્ણન :

તમામ ભાગ અને હિસ્સા સહિત મિલકત, રહેઠાણીય બંગલો જે શ્રી કામધેનુ બંગલોઝ પૈકી પ્લોટ નં. 139 ખાતે સ્થિત, સિટી સર્વે નં. NA266/139, પ્લોટેડ જમીનનું માપ 88.09 ચો.મી., પ્લાન પ્રમાણે 87.56 ચો.મી., રસ્તા/સીઓપીમાં અવિભાજીત હિસ્સાનું માપ 45.53 ચો.મી., ગામ સોયાણી, તા. પલસાણા, જી. સુરત. મિલકતના માલિક શ્રી પટેલ કિશોરભાઈ ધનસુખભાઈ. જે મિલકતની ચતુર્સિમા : પૂર્વ : લાગુ સોસાયટીનો રસ્તો, પશ્ચિમ : લાગુ પ્લોટ નં. 268, ઉત્તર : લાગુ પ્લોટ નં. 138, દક્ષિણ : લાગુ પ્લોટ નં. 140.

તા. 25-06-2026 | સ્થળ : વાંસદા. અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, નવસારી.

દ.ગુ.માં ચોમાસાની પધરામણી વચ્ચે સુરતમાં મેઘરાજાના રિસામણાંથી હાલત કફોડી

સુરત, તા.૨૫

હવામાન વિભાગે સુરતમાં ચોમાસાના આગમનની સત્તાવાર જાહેરાત કરી દીધી હોવા છતાં શહેરમાં ચોમાસાનો રંગ હજુ જામ્યો નથી. ગુરુવારે સમગ્ર દિવસ દરમિયાન આકાશમાંથી વાદળો લગભગ ગાયબ રહ્યા હતા અને કાળઝાળ ગરમી સાથે બફારાએ લોકોની મુશ્કેલી વધારી હતી. બીજી તરફ, ઉકાઈ ડેમના ઉપરવાસમાં ધોધમાર વરસાદ નોંધાતા ડેમમાં પાણીની આવક વધવાની આશા જાગી છે. સુરતમાં ઉનાળા જેવો માહોલ અને ઉપરવાસમાં મેઘમહેરનું વિરોધાભાસી ચિત્ર જોવા મળ્યું છે.

સુરતમાં મહત્તમ તાપમાન દોઢ ડિગ્રી વધીને 35.2 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જ્યારે લઘુત્તમ તાપમાન 28.8 ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું. હવામાં 65 ટકા ભેજ હોવાથી ગરમીની સાથે બફારાનો પણ તીવ્ર અનુભવ થયો હતો. દક્ષિણ-પશ્ચિમ દિશામાંથી પ્રતિ કલાક 14 કિલોમીટરની ઝડપે પવન ફૂંકાયો હતો, છતાં ગરમીમાં ખાસ રાહત મળી નહોતી. ચોમાસાની એન્ટ્રી બાદ પણ શહેરમાં વરસાદી માહોલ ન જામતા નાગરિકો અને ખેડૂતો વરસાદની રાહ જોતા રહ્યા હતા.

બીજી તરફ, ઉકાઈ ડેમના કેચમેન્ટ વિસ્તારમાં સારા વરસાદે જળસંચય માટે આશાજનક સ્થિતિ ઊભી કરી છે. સેલગાવમાં સૌથી વધુ 119 મીમી (4.69 ઈંચ) વરસાદ નોંધાયો હતો. ઉપરાંત નવાથા અને બુરહાનપુરમાં 85-85 મીમી (3.35 ઈંચ), કુરાનખેડા અને સાવખેડામાં 78-78 મીમી (3.07 ઈંચ), નરાણેમાં 71 મીમી (2.80 ઈંચ) તથા દેડતલાઈમાં 63 મીમી (2.48 ઈંચ) વરસાદ વરસ્યો હતો.

ઉકાઈના ઉપરવાસમાં મેઘમહેરથી ડેમમાં પાણીની આવક વધવાની આશા જાગી, ગરમીનો પારો ૩૫ ડિગ્રીની ઉપર રહેતા લોકો અકળાયા

કેનરા બૈંક Canara Bank | સિંડિકેટ બૈંક Syndicate Bank

રીજનલ ઓફિસ : ૮મો માળ, વેસ્ટર્ન બિઝનેસ પાર્ક, ઉધના-મગદલ્લા રોડ, વેસુ, સુરત-૩૯૫૦૦૭.

પઝેશન નોટિસ

કલમ ૧૩(૪) (સ્થાવર મિલકત માટે)

આથી, નીચે સહી કરનાર **કેનરા બેંક, બારડોલી શાખાના** અધિકૃત અધિકારીશ્રીએ સિક્યોરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયોરીટી ઈન્ટરેસ્ટ, ૨૦૦૨ (૫૪ ઓફ ૨૦૦૨)તથા સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૩ સહિત કલમ ૧૩(૧૨) અંતર્ગત **તા. ૧૫.૦૪.૨૦૨૬** ના રોજ ઉધારકર્તા **શ્રી અશોકભાઈ વિઠલભાઈ પટેલ અને શ્રી ચંદુભાઈ ધીરૂભાઈ તલાવીયા (જામીનદાર)** ને નોટીસ માં ઉલ્લેખિત રકમ કરજદારને ચૂકવણી ફરજ પાડવમાં આવે છે. કારણ કે તા. ૧૨.૦૪.૨૦૨૬ ના રોજ સિક્યોર્ડ લેણદાર પ્રત્યે દેવાદારની જવાબદારી સાથે ડીમાન્ડ નોટીસ જારી કરીને નોટીસ મળ્યાની ૬૦ દિવસોની અંદર **રૂા. ૧૮,૩૮,૨૩૯.૮૮ (રૂા. અઠાર લાખ આડત્રીસ હજાર બસો ઓગણચાલીસ અને ઈઠ્યાસી પૈસા પુરા)** તા. ૧૨.૦૪.૨૦૨૬ થી ચડત વ્યાજ અને અન્ય ખર્ચા, વસુલી બાદ કરીને સાથે ચુકવવા જણાવેલ.

ઉધારકર્તાને ઉપરોક્ત રકમ ચુકવવામાં કસુરવાર થતાં આથી ઉધારકર્તા તથા જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે અધિનિયમ કલમ ૧૩(૪)ની સાથે નિયમ ૮ અને ૯ સાથે વંચાણે લેતા સત્તાની રૂએ અદ્યોહસ્તાક્ષરીએ **તા. ૨૩.૦૬.૨૦૨૬** ના રોજ ની નીચે જણાવેલ મિલકતનો **સાંકેતિક કબજો** લીધેલ છે.

ઉધારકર્તાને વિશેષ રૂપથી તથા જાહેર જનતાને આથી સદરહુ મિલકત અંગે કોઈપણ જાતનો વ્યવહાર ન કરવાની ચેતવણી આપવામાં આવે છે. સદરહુ મિલકત અંગે કરેલો કોઈપણ વ્યવહાર **કેનરા બેંક** ના ચાર્જ લાગશે જે દર્શાવે છે કે તા. ૧૨.૦૪.૨૦૨૬ ના રોજ સુરક્ષિત લેણદાર પ્રત્યે દેવદારની જવબાદારીની રકમ **રૂા. ૧૮,૩૮,૨૩૯.૮૮ (રૂા. અઠાર લાખ આડત્રીસ હજાર બસો ઓગણચાલીસ અને ઈઠ્યાસી પૈસા પુરા)** તા. ૧૨.૦૪.૨૦૨૬ થી ચડત વ્યાજ અને અન્ય ખર્ચા, વસુલી બાદ કરીને બોજા સહિત રહેશે.

અહીં કરજદારનું ધ્યાન આકરુષ્ટ કરવામાં આવે છે તે જણાવેલ સમય મર્યાદામાં સેકસન ૧૩ના સબ સેક્શન (૮) હેઠળ તમો તમારી સુરક્ષિત મિલકતના બાકી હ્લેણાં ભરપાઈ કરી પાછી મેળવી શકો છો.

સ્થાવર મિલકતનું વર્ણન

શ્રી અશોકભાઈ વિઠલભાઈ પટેલના નામની મિલકતનો જેનો પ્લોટ નં. ૮૭, ક્ષેત્રફળ એરીયા ૬૬.૮૬ સ્કે. મીટર સાથે કોમન હક્ક સાથે, અવિભાજીત સરખા ભાગનો સીઓપી વાળી ૩૮.૮૩ સ્કે.મીટર અને રોડ "શ્રી શુભ રેસીડેન્સી", જે જમીનનો બ્લોક નં. ૨૦૪, આર.એસ. નં. ૧૯૨/૨, ગામ-જોખા, તાલુકા-કામરેજ, જિ. સુરત ગુજરાત ખાતે આવેલ સ્થાવર મિલકત. **ચતુરસીમા : ● પુર્વે :** પ્લોટ નં. ૮૬, **● પશ્ચિમે :** પ્લોટ નં. ૮૮, **● ઉત્તરે :** પ્લોટ નં. ૭૪, **● દક્ષિણે :** સોસાયટીનો ઈન્ટરનલ રોડ.

CERSAI ID : 400013991951

તારીખ : ૨૩.૦૬.૨૦૨૬ સહી/- અધિકૃત અધિકારી, સ્થળ : સુરત (વિવાદીત સ્થિતી અંગ્રેજી જાહેર ખબર માન્ય રહેશે.) કેનરા બેંક

બિહારના બક્સરમાંથી ગુમ થયેલી કિશોરીનું સુરત રેલવે પોલીસે પરિવાર સાથે મિલન કરાવ્યું

સુરત, તા.૨૫

બિહારના બક્સર જિલ્લામાંથી ગુમ થયેલી ૧૪ વર્ષની કિશોરીને સુરત રેલવે પોલીસે (GRP) સહીસલામત શોધી કાઢીને તેના પરિવાર સાથે મિલન કરાવ્યું હતુ.

સુરત રેલવે પોલીસની સતર્કતાના કારણે કિશોરી સુરક્ષિત મળી આવી છે.

૨૩ જૂનના રોજ સુરત રેલવે સ્ટેશન પર પેટ્રોલિંગ દરમિયાન હોવાથી પોલીસને શંકા ગઈ હતી. પોલીસે જીઆરપીની મહિલા ટીમની નજર કિશોરીને ચાઈલ્ડ કોર્નરમાં લઈ જઈને પ્રેમથી વિગતવાર પૂછપરછ કરી હતી. આ દરમિયાન તેના સામાનની તપાસ કરતા તેની પાસેથી ઓળખપત્ર સહિતના કેટલાક દસ્તાવેજો મળી આવ્યા હતા. આ દસ્તાવેજોના આધારે જાણવા મળ્યું કે કિશોરી બિહારના બક્સર જિલ્લાની રહેવાસી છે. જેથી સુરત જીઆરપીએ તાત્કાલિક બિહાર પોલીસનો સંપર્ક કર્યો હતો.

બિહાર બક્સર પોલીસ તપાસ કરીને જણાવ્યું હતુંકે, ત્યાંના રાજપુર પોલીસ સ્ટેશનમાં આ કિશોરી ગુમ થઈ હોવાની અને તેના અપહરણની ફરિયાદ નોંધાયેલી છે. ત્યાંથી કિશોરીના પિતાનું નામ અને મોબાઈલ નંબર મળતા જ સુરત જીઆરપીની ટીમે તેમનો સંપર્ક કર્યો અને પુત્રી સુરક્ષિત હોવાની જાણ કરી હતી.

પ્લેટફોર્મ ઉપર એકલી બેસેલી ૧૪ વર્ષિય કિશોરીના સામાનમાંથી ઓળખપત્ર સહિતના દસ્તાવેજના આધારે પોલીસને બિહારનુ પગેરુ મળ્યું

HINDUJA HOUSING FINANCE

કોર્પોરેટ ઓફિસ : નં. ૧૬૭-૧૬૯, બીજો માળ, અન્ના સલાઈ ચૈંદાપેટ, ચેન્નાઈ-૬૦૦૦૧૫
બ્રાન્ચ ઓફિસ : ત્રીજો માળ, ઈફ્કો ભવન, મારૂતિ કોમ્પલેક્ષ પાછળ, પીન્ટુ ગાર્મેન્ટ પાછળ, શિવરંજની ચાર રસ્તા પાસે સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫.
સૌરભકુમાર નાપીત મો. ૮૭૯૦૦૨૯૩૮૪, ઇ-મેલ: auction@hindujahousingfinance.com

ધી સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઇનાન્શિયલ એસેસ્ટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ની કલમ ૧૩(૨) હેઠળ ડિમાન્ડ નોટિસ

આથી જાહેર નોટિસ આપવામાં આવે છે કે નીચે જણાવ્યા મુજબના ઉધારકર્તા/સહ-ઉધારકર્તાઓ જેમણે આરબીએલ બેંક લિમિટેડ પાસેથી લોન મેળવેલ છે, તેઓ આરબીએલ બેંક લિમિટેડને તેમની લોન પેટેના સમાન માસિક હપ્તા (EMIs) ની ચુકવણી કરવામાં નિષ્ફળ ગયેલ છે અને ભારતીય રિઝર્વ બેંક / નેશનલ હાઉસિંગ બેંક દ્વારા બહાર પાડવામાં આવેલ માર્ગદર્શિકા અનુસાર તેમના લોન ખાતાને એન.પી.એ. તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યું છે. તારીખ ૨ મે, ૨૦૨૩ ના રોજ સહી-સિક્કા થયેલ ડીડ ઓફ અસાઇનમેન્ટ અનુસાર, મૂળ ધિરાણકર્તા આરબીએલ બેંક લિમિટેડે તમામ અધિકારો, હક્ક અને હિત તેમજ ગીરો સુરક્ષા હિત સાથે આ નાણાકીય અસ્ક્યામતો હિન્દુજા હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડના પક્ષમાં તમામ અધિકારો, ટાઇટલ અને વ્યાજ સાથે નાણાકીય સંપત્તિઓ સોંપી દીધી. પરિણામે, હિન્દુજા હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ નાણાકીય સંપત્તિઓ અને અંતર્ગત સુરક્ષાના સુરક્ષિત લેણદાર બન્યા છે, તેથી હિન્દુજા હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ પોતાના માટે પ્રાપ્ત લેવાતની કાર્યવાહી કરવા તેમજ ઉધારકર્તાઓ/જામીનદારો/ગીરો રાખનારાઓ પાસેથી બાકી નીકળતી રકમ વસૂલવા માટે હકદાર છે. ઉધારકર્તા/સહ-ઉધારકર્તાઓ દ્વારા આજની તારીખ સુધીમાં એચએચએક્સેલ ને સુરક્ષા તરીકે આપવામાં આવેલી સ્થાવર મિલકતોની વિગત પણ નીચે દર્શાવેલ છે. ઉધારકર્તાઓ તેમજ સામાન્ય જનતાને આથી જાણ કરવામાં આવે છે કે સુરક્ષિત લેણદાર એવા એચએચએક્સેલ ના અધિકૃત અધિકારી તરીકે અદ્યોગામી સહી કરનારે 'ધ સિક્યુરાઈટીઝન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઇનાન્શ્યલ એસેસ્ટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સેક્યુરીટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨' ની જોગવાઇઓ હેઠળ નીચે દર્શાવેલ ઉધારકર્તા(ઓ) સામે કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. જો નીચે જણાવેલ ઉધારકર્તા(ઓ) આ નોટિસના ૬૦ દિવસની અંદર તેમની સામે દર્શાવેલ બાકી નીકળતી રકમ ચૂકવવામાં નિષ્ફળ જશે, તો અદ્યોગામી સહી કરનાર સરફેશી એક્ટ ની કલમ ૧૩ ની પેટા-કલમ (૪) હેઠળ સુરક્ષિત લેણદારને મળેલી તમામ અથવા કોઈપણ એક અથવા વધુ સત્તાઓનો ઉપયોગ કરશે, જેમાં મિલકતોનો કબજો લેવાની અને તેનું વેચાણ કરવાની સત્તાનો સમાવેશ થાય છે. સામાન્ય જનતાને સલાહ આપવામાં આવે છે કે તેઓ નીચે વર્ણવેલ મિલકતો અંગે કોઈપણ પ્રકારનો વ્યવહાર ન કરે.

	ઉધારકર્તા(ઓ), અને સહ-ઉધારકર્તાઓ અને જામીનદારોના નામ	ડિમાન્ડ નોટિસ તારીખ, રકમ અને લોન ખાતા નંબર	મિલકત નું વર્ણન
1	ઉધારકર્તા: અમિત શારદા ચતુર્વેદી, સહ-ઉધારકર્તા: રંપા દેવી શારદા ચતુર્વેદી જામીનદાર: ગિરિશ શંકર પાંડે	Dt. 27/05/2026 & Rs. 4,68,714/- & A/C No. 809002084854	ગુજરાત રાજ્યના જીલ્લા **સુરત,** સબ-ડિસ્ટ્રીક્ટ પલસાણાના મોજે જોલવા ખાતે સ્થિત પહેલા માળે આવેલ ફ્લેટ નં. ૧૦૮ ના બધા ભાગો અને પાર્સલ, જેનું માપ આશરે ૩૦.૩૬ ચોરસ મીટર બિલ્ટ અપ અને પલ૪.૧૪ ચોરસ ફૂટ સુપર બિલ્ટ અપ એરિયા છે, જે "શિવધારા રેસીડેન્સી પાર્ટ-૧" ની જમીન પૈકી પ્લોટ નં. ૧ થી ૭ (કુલ ક્ષેત્રફળ આશરે ૪૨૨.૩૯ ચોરસમીટર) પર બાંધવામાં આવેલ "રાધેકૃષ્ણ રેસીડેન્સી" માં આવેલ છે, જે રેવન્યુ સર્વે નં. ૯૦ અને તેના બ્લોક નં. ૯૨ (કુલ ક્ષેત્રફળ આશરે ૧૦૩૬ ચોરસ મીટર) ની જમીનમાં સઘળા હક્સ, ટાઈટલ અને હિત તેમજ અવિભાજિત હિસ્સો ધરાવે છે. જેની ચતુ:સીમાઓ : પૂર્વ: અડીને આવેલો પેસેજ અને ફ્લેટ નં. ૧૧૩, પશ્ચિમ: અડીને આવેલો સોસાયટીનો રોડ, ઉત્તર: અડીને આવેલો ફ્લેટ નં. ૧૧૦, દક્ષિણ: અડીને આવેલો ફ્લેટ નં. ૧૦૮.
2	ઉધારકર્તા: આનંદ સોનાવણે, સહ-ઉધારકર્તા: દુર્ગા સોનાવણે જામીનદાર: શશિકાંત કુવર,	Dt. 27/05/2026 & Rs. 4,96,997/- & A/C No. 809002216422	ગુજરાત રાજ્યના **જીલ્લા સુરત,** સબ-ડિસ્ટ્રીક્ટ પલસાણાના તાંતીથૈયા ખાતે સ્થિત ત્રીજા માળે આવેલ ફ્લેટ નં. ૩૦૧ ના બધા ભાગો અને પાર્સલ, જેનું માપ આશરે ૩૧.૧૩ ચોરસ મીટર બિલ્ટ અપ, પ૬૦ ચોરસ ફૂટ સુપર બિલ્ટ અપ અને ૨૬.૪૮ ચોરસ મીટર કાર્પેટ એરિયા છે, જે "શિવ રેસીડેન્સી પાર્ટ-૨" ની જમીન પૈકી પ્લોટ નં. ૧૨૮, ૧૨૯, ૧૩૦, ૧૩૧, ૧૩૨, ૧૩૩ અને ૧૩૪ પર બાંધવામાં આવેલ "શિવંજલિ રેસીડેન્સી" માં આવેલ છે, જે રેવન્યુ સર્વે નં. ૩૪૬ અને ૩૬૫ અને તેના બ્લોક નં. ૩૧૪/ક/૧/૧ ની જમીનમાં સઘળા હક્સ, ટાઈટલ અને હિત તેમજ અવિભાજિત હિસ્સો ધરાવે છે. જેની ચતુ:સીમાઓ: પૂર્વ: અડીને આવેલા દાદર (સીડી) અને ફ્લેટ નં. ૩૦૧, પશ્ચિમ: અડીને આવેલો ફ્લેટ નં. ૩૦૨, ઉત્તર: અડીને આવેલો પેસેજ અને ફ્લેટ નં. ૩૦૪, દક્ષિણ: અડીને આવેલો સોસાયટીનો રોડ.
3	ઉધારકર્તા: જગદીશભાઈ નારણભાઈ સરધારા સહ-ઉધારકર્તા: અસ્મિતાબેન સરધારા	Dt. 27/05/2026 & Rs. 8,35,204/- & A/C No. 809001704456	ગુજરાત રાજ્યના જીલ્લા **સુરત,** સબ-ડિસ્ટ્રીક્ટ માંગરોળના કુવદરા ખાતે સ્થિત પ્લોટ નં. ૩૨૫ ધરાવતી જમીનના બધા ભાગો અને પાર્સલ, જેનું માપ આશરે ૪૪.૬૫ ચોરસ મીટર છે, જે નવો બ્લોક નં. ૩૨૨ (મૂળ બ્લોક નં. ૩૨૨, ૩૨૩ અને ૩૨૪ ના એકત્રીકરણ પછી) ધરાવતી આશરે ૩૪૩૬૬ ચોરસ મીટરની જમીન પર આયોજિત "વિશ્વાસ રેસીડેન્સી" માં આવેલ છે. જેની ચતુ:સીમાઓ: પૂર્વ: રોડ, પશ્ચિમ: પ્લોટ નં. ૩૪૮, ઉત્તર: પ્લોટ નં. ૩૪૪, દક્ષિણ: પ્લોટ નં. ૩૨૬.
4	ઉધારકર્તા: જીતેન્દ્ર રામચંદ્ર શુક્લા સહ-ઉધારકર્તા: સંગીતા શુક્લા, ધીરજ તિવારી	Dt. 27/05/2026 & Rs. 7,08,967/- & A/C No. 809002095454	ગુજરાત રાજ્યના જીલ્લો **સુરત,** સબ-ડિસ્ટ્રીક્ટ બારડોલીના ગામ મોટા ખાતે સ્થિત પ્લોટ નં. ૨૭૨ ના બધા ભાગો અને પાર્સલ, જેનું માપ આશરે ૪૦.૫૫ ચોરસ મીટર એટલે કે ૪૮.૦૦ ચોરસ વાર છે અને તેની સાથે "રામ કૃષ્ણ રેસીડેન્સી-૧" ના રોડ અને સી.ઓ.પી. નો ૨૨.૦૧ ચોરસ મીટરનો અવિભાજિત હિસ્સો ધરાવે છે, જે રેવન્યુ સર્વે નં. ૨૩૦ થી ૨૩૬, ૨૩૭, ૨૪૦, ૨૪૧, ૨૫૫, ૨૪૬ ના એકત્રીકરણ પછી થયેલ બ્લોક નં. ૨૩૦ ની જમીન પર સ્થિત છે. જેની ચતુ:સીમાઓ: પૂર્વ: પ્લોટ નં. ૨૮૧, પશ્ચિમ: સોસાયટીનો આંતરિક રોડ, ઉત્તર: પ્લોટ નં. ૨૭૩, દક્ષિણ: પ્લોટ નં. ૨૭૧.
5	ઉધારકર્તા: કૈલાશ ખુશાલ બારાપાત્રે, સહ-ઉધારકર્તા: મીરા બારાપાત્રે, સુનિલ ખુશાલ બારાપાત્રે,	Dt. 27/05/2026 & Rs. 5,18,874/- & A/C No. 809002841815	ગુજરાત રાજ્યના જીલ્લો **સુરત,** સબ-ડિસ્ટ્રીક્ટ પલસાણાના કારેલી ખાતે સ્થિત પ્લોટ નં. ૪૧ ધરાવતી જમીનના બધા ભાગો અને પાર્સલ, જેનું માપ આશરે ૪૪.૪૭ ચોરસ મીટર છે અને તેની સાથે રોડ અને સી.ઓ.પી. નો આશરે ૨૫.૩૦ ચોરસ મીટરનો અવિભાજિત પ્રમાણસર હિસ્સો ધરાવે છે. જેની ચતુ:સીમાઓ: પૂર્વ: અડીને આવેલા દાદર (સીડી) અને પેસેજ, પશ્ચિમ: અડીને આવેલો અન્ય પ્લોટ, ઉત્તર: અડીને આવેલો રોડ, દક્ષિણ: અડીને આવેલો ફ્લેટ નં. ૩૦૯.
6	ઉધારકર્તા: કૃષ્ણમોહન શિવળાલક અનુરાગી સહ-ઉધારકર્તા: રેખા દેવી	Dt. 27/05/2026 & Rs. 9,18,850/- & A/C No. 809002218402	ગુજરાત રાજ્યના જીલ્લો: **સુરત,** સબ-ડિસ્ટ્રીક્ટ: પલસાણાના ગામ: કારેલી ખાતે સ્થિત પ્લોટ નં. ૭૧ ના બધા ભાગો અને પાર્સલ, જેનું માપ પ૩.૩૦ ચોરસ વાર એટલે કે ૪૪.૫૬ ચોરસ મીટર (૭/૧૨ મુજબ આશરે ૪૪.૬૫ ચોરસ મીટર) છે અને તેની સાથે રોડના હક્કો તથા આશરે ૩૦.૬૦ ચોરસ મીટર સી.ઓ.પી. નો ભાગ છે, જે રેવન્યુ સર્વે નં. ૪૮, બ્લોક નં. ૮૦ (ક્ષેત્રફળ આશરે ૧૮૪૮૮ ચોરસ મીટર) ની જમીન પર સ્થિત છે. જેની ચતુ:સીમાઓ: પૂર્વ: પ્લોટ નં. ૬૪, પશ્ચિમ: રોડ, ઉત્તર: પ્લોટ નં. ૭૦, દક્ષિણ: પ્લોટ નં. ૭૨.
7	ઉધારકર્તા: કૃણાલ એમ ઝા, સહ-ઉધારકર્તા: સુધાબેન ઝા	Dt. 27/05/2026 & Rs. 5,13,266/- & A/C No. 809001729060	ગુજરાત રાજ્યના જીલ્લો **સુરત,** સબ-ડિસ્ટ્રીક્ટ પલસાણાના ગામ જોલવા ખાતે સ્થિત વિંગ-બી ના પહેલા માળે આવેલ ફ્લેટ નં. ૧૦૮ ના બધા ભાગો અને પાર્સલ, જેનું માપ આશરે ૩૫.૨૭ ચોરસ મીટર સુપર બિલ્ટ અપ અને ૪૧.૩૫ ચોરસ મીટર બિલ્ટ અપ છે, જે બ્લોક નં. ૨૪૭ (ક્ષેત્રફળ આશરે ૨૨૯૨૮ ચોરસ મીટર) પર આયોજિત "આરાધના ગ્રીન હેન્ડ" ના પ્લોટ નં. ૩૩૫ થી ૩૪૬ (કુલ ક્ષેત્રફળ આશરે ૭૧૩.૮૩ ચોરસ મીટર) પર બાંધવામાં આવેલા "કૃષ્ણમ રેસીડેન્સી" માં સઘળા હક્સ, ટાઈટલ, હિત અને જમીનમાં અવિભાજિત હિસ્સો ધરાવે છે. જેની ચતુ:સીમાઓ: પૂર્વ: સોસાયટીનો આંતરિક રોડ, પશ્ચિમ: સોસાયટીની સરહદ (છેડો), ઉત્તર: સોસાયટીનો આંતરિક રોડ, દક્ષિણ: સોસાયટીનો આંતરિક રોડ.
8	ઉધારકર્તા: શિવમ રાકેશ કાસોધન સહ-ઉધારકર્તા: સુશીલા કાસોધન	Dt. 27/05/2026 & Rs. 6,33,527/- & A/C No. 809001949581	ગુજરાત રાજ્યના **સુરત** જીલ્લાના બારડોલી સબ-ડિસ્ટ્રીક્ટના મોટા કારેલી ખાતે સ્થિત પ્લોટ નં. ૨૫૭ ધરાવતી જમીનના બધા ભાગો અને પાર્સલ, જે મંજૂર પ્લાન મુજબ આશરે ૪૦.૧૫ ચોરસ મીટર (સ્થળ પર ૪૨.૯૨ ચોરસ મીટર) છે અને તેની સાથે "રામ કૃષ્ણ રેસીડેન્સી-૧" ના રોડ અને સી.ઓ.પી. નો આશરે ૨૨.૦૧ ચોરસ મીટરનો અવિભાજિત પ્રમાણસર હિસ્સો ધરાવે છે, જે એકત્રીકરણ પછી બનેલા નવા બ્લોક નં. ૨૩૦ (આશરે ૨૬૧૦૦ ચો.મી.) અને બ્લોક નં. ૨૪૧ (આશરે ૯૧૦ ચો.મી.) પર આયોજિત છે. જેની ચતુ:સીમાઓ: પૂર્વ: અડીને આવેલો પ્લોટ નં. ૨૬૨, પશ્ચિમ: અડીને આવેલો સોસાયટીનો આંતરિક રોડ, ઉત્તર: અડીને આવેલો પ્લોટ નં. ૨૫૮, દક્ષિણ: અડીને આવેલો પ્લોટ નં. ૨૫૬.
9	ઉધારકર્તા: સુદામ ગુલાબ ચૌધરી, સહ-ઉધારકર્તા: ઠાકુબાઈ ગુલાબ ચૌધરી રોશની સુદામ ચૌધરી	Dt. 27/05/2026 & Rs. 3,91,745/- & A/C No. 809001945033	ગુજરાત રાજ્યના જીલ્લો **સુરત,** સબ-ડિસ્ટ્રીક્ટ પલસાણાના સાંકી ખાતે સ્થિત પહેલા માળે આવેલ ફ્લેટ નં. ૧૦૪ ના બધા ભાગો અને પાર્સલ, જેનું માપ આશરે ૪૮.૯૯ ચોરસ મીટર સુપર બિલ્ટ અપ અને ૨૬.૬૮ ચોરસ મીટર બિલ્ટ અપ છે, જે રેવન્યુ સર્વે નં. ૩૪ અને ૩૫ અને તેના બ્લોક નં. ૯૧ પૈકી ૨ (ક્ષેત્રફળ આશરે ૩૧૬૯૪ ચોરસ મીટર) પર બાંધવામાં આવેલ "લવ્લિ બંગલોઝ" ની જમીન પૈકી પ્લોટ નં. ૫, ૬ અને ૭ (સબ પ્લોટ નં. ૪, ક્ષેત્રફળ આશરે ૪૩૪ ચોરસ મીટર) પર બાંધવામાં આવેલ "નક્ષત્ર રેસીડેન્સી" માં સઘળા હક્સ, ટાઈટલ, હિત અને પ્રમાણસર હિસ્સો ધરાવે છે. જેની ચતુ:સીમાઓ: પૂર્વ: અડીને આવેલો રોડ, પશ્ચિમ: અડીને આવેલો રોડ, ઉત્તર: અડીને આવેલો પ્લોટ નં. ૪, દક્ષિણ: અડીને આવેલો પ્લોટ નં. ૮.
10	ઉધારકર્તા: આશાદેવી સૂરજપ્રસાદ મિશ્રા, સહ-ઉધારકર્તા: સૂરજપ્રસાદ ગોમતીપ